# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# VADODARA REPORT

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વડોદરા બ્રિજ દુર્ઘટનાની ઉચ્ચ સ્તરની તપાસ કરવામાં આવી છે. આ તપાસ સમિતિના પ્રાથમિક અહેવાલ મુજબ, થાંભલાના સાંધા તૂટી જવાના કારણે બ્રિજ તૂટી પડ્યો હોવાનું જણાયું છે. વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ખાતે આજે ગંભીરા બ્રિજ દુર્ઘટનાસ્થળની મુલાકાત દરમિયાન શ્રી પટેલે આ વાત કહી.

(BYTE- RUSHIKESH PATEL, PRAVAKTA MANTRI)

પ્રવક્તા મંત્રીએ કહ્યું, માર્ગ અને મકાન વિભાગની આ સમિતિ દ્વારા 30 દિવસમાં વિસ્તૃત અહેવાલ અપાશે.. તેના ટેક્નિકલ અને વહીવટી કારણ સાથેનો તપાસ અહેવાલ મુખ્યમંત્રીને સોંપાયા બાદ અન્ય નિર્ણય લેવાશે.

. . . . . . . . . . .

# ROAD DIVERSION

ભરૂચથી સુરત સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ 48 પર તાપી બ્રિજના વિસ્તરણ જોડાણનું સમારકામ શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. આ કામ

આગામી 10 ઑગસ્ટ સુધીમાં પૂર્ણ કરાશે. રાજ્યકક્ષાના મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ સોશિયલ મીડિયા પર આ માહિતી આપતા જણાવ્યું, બ્રિજના સમારકામ દરમિયાન તાપી બ્રિજની જમણી બાજુથી જતા વાહનો માટે હાલનો રસ્તો યથાવત્ ચાલુ રહેશે.

. . . . . . . . . . .

# SAHAKAR MANTRI

**ઉત્તરાખંડ સરકારે દેશની પ્રથમ ત્રિભુવન સહકાર વિશ્વ-વિદ્યાલયનું એક પરિસર તેમના રાજ્યમાં શરૂ કરવાની ઇચ્છા દર્શાવી છે. રાજ્યના પ્રવાસે આવેલા ઉત્તરાખંડના સહકાર મંત્રી ડૉક્ટર ધનસિંહ રાવતે આજે ગાંધીનગરમાં આ વાત કહી. તેમણે કહ્યું, ગુજરાતે સહકાર ક્ષેત્રે કરેલા કામ અન્ય રાજ્યમાં પણ થવા જોઈએ. શ્રી રાવતે ગુજરાત મૉડેલે ખેડૂતો માટે સરાહનીય કામ કર્યું હોવાનું ઉમેર્યું. તેમણે ગુજરાતે સરકાર ક્ષેત્રે મેળવેલી સિદ્ધિ ઉત્તરાખંડ સહિત અન્ય રાજ્યોમાં અમલી બનાવાશે તેમ પણ જણાવ્યું.**

**(BYTE- DR. DHAN SINGH RAWAT, CO OPERATIVE MINISTER, UTTARAKHAND GOVT.)**

**દરમિયાન રાજ્યના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું, તાજેતરમાં પ્રધાનમંત્રીએ નવી દિલ્હીમાં સહકાર મંત્રીઓની બેઠકમાં ગુજરાત મૉડેલના અભ્યાસ માટે તમામ સહકાર મંત્રીઓને સૂચના આપી**

**હતી. તેના ભાગરૂપે ઉત્તરાખંડના સહકાર વિભાગની ટીમ ચાર દિવસથી રાજ્યના પ્રવાસે છે.**

. . . . . . . . . . .

# CONDUCTOR LETTER

ગાંધીનગરમાં આજે કંડક્ટર કક્ષાના અને પાણી પૂરવઠા વિભાગના ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત માટેનો સમારોહ યોજાશે. મહાત્મા મંદિર ખાતે બપોરે ત્રણ વાગ્યે યોજાનારા સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, જળસંપત્તિ અને પાણી પૂરવઠા મંત્રી કુંવરજી બાવળિયા, વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવી, જળસંપત્તિ અને પાણી પૂરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . .

# PATAN MEDAN

**રાજ્ય સરકારે પાટણ જિલ્લાના સમી તાલુકામાં આવેલા નાની ચંદુર ગામમાં શાળાના બાંધકામ અને રમતગમતના મેદાન માટે જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. તે મુજબ, ગામમાં આઠ હજાર 94 ચોરસ મીટર જમીન ફાળવવામાં આવશે અને તેની પર માધ્યમિક શાળાનું પરિસર બનશે.**

. . . . . . . . . . .

# GIR SOMNATH KUSTI

કુસ્તી રમતમાં રાજ્ય સરકારની નિવાસી અકાદમીમાં રિદ્ધિ સોલંકી અને હર્ષ જાધવ તેમજ બિન-નિવાસી અકાદમીમાં રિદ્ધિ ચૌહાણ અને અભિરાજ ઝાલા ખેલાડીની પસંદગી થઈ છે. આ ચારેય ખેલાડી D.L.S.S. સોમનાથ અકાદમીમાં કુસ્તી રમતમાં તાલીમ મેળવી રહ્યા હતા. આ સિદ્ધિ બદલ શાળા પરિવારે ખેલાડીઓનો આભાર વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આવતીકાલે નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળે ભારે વરસાદની આગાહી છે. દરમિયાન રાજ્યમાં આજે બપોરે 2 વાગ્યા સુધીમાં 52 તાલુકામાં સામાન્ય વરસાદ થયો છે. સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ તાપીના ડોલવણ તાલુકામાં નોંધાયાના અહેવાલ છે.

આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 48 ટકા જેટલો વરસાદ વરસ્યો છે. તો હવામાન વિભાગે આગામી 14 જુલાઈ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

. . . . . . . . . . .